RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 314* Date: 11.09.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજ્યોનેસ્ટોક જાહેર કરવા માટે ઓનલાઈન પોર્ટલ પર પહોંચ આપવા માટેકહેવામાં આવ્યું

# ખાદ્ય તેલોના વધતા જતા ભાવને અંકુશમાં લેવા સરકારે આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો




નવી દિલ્હી, તા.૧૦

છેલ્લા એક વર્ષમાં પામ તેલ, સૂર્યમુખી, સોયા તેલ, મગફળી, સરસવ અને વનસ્પતિ જેવા છ ખાદ્ય તેલના સરેરાશ છૂટક ભાવમાં ૨૦-૫૦ ટકાનો વધારો યો છે. ૪ સપ્ટેમ્બરના રોજ ખાધતેલ સચિવ પાંડેએ કહ્યું કે નવા પાકના આગમન સો ખાદ્યતેલના ભાવ ડિસેમ્બરી નરમ પડવા લાગશે, પરંતુ વૈશ્વિક ચિંતા વચ્ચે ઘટવાને બદલે વધારાની શકયતા છે.

ભારત તેની ખાદ્યતેલની ૬૦ ટકા માંગ આયાત કી પૂરી કરે છે. વિના પામ, નહીં ઉદ્ધાર.. પામ ઓઈલની ઘરેલું માંગ વધતા આયાતમાં નોંધપાત્ર ઉછાળો યાવત જ છે. ઓગસ્ટ માસમાં આયાતી પામ તેલમાં ૩૨ ટકાનો વધારો નોંધાયો છે. ઘરેલુ માંગ સંતોષવા આયાત વધારવા સિવાય હાલ બીજો કોઈ વિકલ્પ ની. પામોલી તેલની આયાત, ઓગસ્ટ માસમાં આયાત ૭.૪૩ લીટર મિલિયન ટન ઈ હતી જે જુલાઈમાં ૫.૬૫ કખઝ રહી હતી. જે પાછલા મહિનાની સરખામણીએ ૩૧.૫૦% વધી છે. વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧ માટે પામતેલની કુલ આયાત (ક્રૂડ અને રિફાઈન્ડ) અનુક્રમે ૮.૮૧ કખઝ, ૭.૪૮ કખઝ અને ૭.૪૩ કખઝ હતી જે હજુ પણ સામાન્ય માંગ કરતાં ઓછી છે.

માંગ અને પુરવઠા વચ્ચેના તફાવતને કારણે, દેશમાં લગભગ ૬૦% ખાદ્યતેલની માંગ આયાત દ્વારા સંતોષાય છે. જેમાં, પામતેલ મુખ્યત્વે ઈન્ડોનેશિયા અને મલેશિયાી આયાત કરેલા કુલ ખાદ્ય તેલના ૫૪% જેટલું છે. જયારે સોયાબીન તેલ આશરે ૨૫% છે જે આર્જેન્ટિના અને બ્રાઝિલી આયાત હો ય છે. સૂર્યમુખી તેલ ૧૯% છે અને મુખ્યત્વે યુક્રેની આયાત હો ય છે. ઘરેલુ માંગ વધી છે તો સામે પુરવઠો અપૂરતો રહેતા સંગ્રહખોરી તેમજ ખાદ્ય તેલની કિંમતો વધી છે. જેને નિયંત્રિત કરવા માટે કેન્દ્રએ રાજ્ય સરકારોને વેપારીઓ, મિલ માલિકો, રિફાઈનરી એકમોના સ્ટોક વિકલી બેઈઝ એટલે કે અઠવાડિયે અઠવાડિયે ચેક કરવા તેમજ દર અઠવાડિયે ભાવ જોવા ઉપરાંત તેલીબિયાંના સ્ટોક વિશે વિગતો એકત્ર કરવા નિર્દેશ આપ્યા છે. કેન્દ્રીય ઉપભોક્તા બાબતોના મંત્રાલયે રાજ્ય સરકારોને આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ- ૧૯૫૫ હેઠળ વિગતો એકત્ર કરવા જણાવ્યું છે.

મંત્રાલયે એક પત્ર જારી કરી જણાવ્યું છે કે, ખાદ્ય તેલોના વધતા જતા ભાવને અંકુશમાં લેવા સરકારે આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો છે. પરંતુ તેમ છતાં ખાદ્ય તેલ/ તેલીબિયાંના ભાવમાં વધારો ઈ રહ્યો છે જેની પાછળનું કારણ સ્ટોક ધારકો દ્વારા સંગ્રહખોરી હોઈ શકે છે. આ પ્રકારની સંગ્રહખોરી રોકવા રાજ્યોને માત્ર મિલરો, રિફાઈનર્સ, જથ્થો બંધ વેપારીઓને વિગતો જાહેર કરવા માટે જ નહીં, પણ સાપ્તાહિક ધોરણે ખાદ્ય તેલ અને તેલીબિયાંના ભાવોનું નિરીક્ષણ કરવા પણ રાજ્યોને સુચવાયું છે. આ ઉપરાંત, મંત્રાલયે પત્રમાં રાજ્યોને સ્ટોકિસ્ટ્સને સ્ટોક જાહેર કરવા માટે ઓનલાઈન પોર્ટલ પર પહોંચ આપવા માટે પણ કહેવામાં આવ્યું છે. મંત્રાલયે જણાવ્યું કે, આ પ્રકારનું પગલું એ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવી રહ્યું છે કે કોઈ પણ પ્રકારની સંગ્રહખોરીના કારણે કોઈ ગેરવાજબીના કારણે ખાદ્ય તેલમાં વધારો તો ની ને..! ખાદ્ય સચિવ સુધાંશુ પાંડે આજરોજ તમામ રાજયના અધિકારીઓ સો બેઠક કરવાના છે જેમાં આ મુદ્દે ચર્ચા શે અને મંત્રાલય દ્વારા જારી કરાયેલા આદેશનું પાલન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ શે.



## ઘરના ગણેશ ના દર્શન

## છ રાજ્યોમાં રાજ્યસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી ચોથી ઓક્ટોબરે યોજાશે

નવી દિલ્હી , તા.૧૦

ચૂંટણી પંચના જણાવ્યા આ સાત બેઠકો પર ચોથી ઓક્ટોબરે ચૂંટણી યોજવામાં આવશે. મધ્ય પ્રદેશમાં રાજયસભાની બેઠક થાવરચંદ ગેહલોતને કર્ણાટકના ગવર્નર બનાવવાને કારણે ખાલી પડી છે. આસામમાં બિસ્વજીત ડાઈમેરીએ રાજીનામું આપી દેતા રાજયસભાની એક બેઠક ખાલી પડી છે.

ભાજપ આસામમાંન્બર્ાનંદ સોનોવાલને રાજયસભાની ટિકિટ આપે તેવી શક્યતા છે કારણકે તેઓ હજુ સુધી બંને પૈકી કોઈ પણ ગૃહના સભ્ય નથી. પુડુચેરીમાં એન ગોકુલાકૃષ્ણનની મુદત પૂર્ણ થવાના કારણે રાજયસભાની એક બેઠક ખાલી થવાની છે.તમિલનાડુમાં એઆઈએડીએમકેના બે નેતા કે પી મુનુસામી અને આ ર વૈથિલિન્ગમે રાજીનામું આપી દેતા બે બેઠક ખાલી પડી છે. પશ્ચિમ બંગાળમાં તૃણમુલના નેતા અને કેબિનેટ પ્રધાન માનસ રંજન ભુનિયાએ રાજીનામું આપી દેતા રાજયસભાની બેઠક ખાલી પડી છે. ચૂંટણી પંચે આજે રાજયસભાની સાત બેઠકોની પેટા ચૂંટણીની જાહેરાત કરી છે. આ બેઠકો રાજીનામુ, મૃત્યુ અને મુદ્દત પૂર્ણ થવા જેવા કારણોને લીધે આ સાત બેઠકો ખાલી પડી હતી. ચૂંટણી પંચ દ્વારા જારી કરવામાં આવેલા નોટિફિકેશન મુજબ તમિલનાડુમાં બે, પશ્ચિમ બંગાળમાં એક, આસામમાં એક, મહારાષ્ટ્રમાં એક, પુડુચેરીમાં એક અને મધ્ય પ્રદેશમાં એક બેઠકનો સમાવેશ થાય છે.

## કોઈપણ કાયદાકીય સંસ્થાઓને ફ્યુચર ડીલ અંગે આદેશ ન આપે : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી , તા.૧૦

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં એનસીએલટી, સીસીઆઇ અને સેબી જેવી કાયદાકીય સંસ્થાઓને આગામી ચાર સપ્તાહ સુધી મર્જર ડીલને લગતા કોઇ અંતિમ આદેશ ન આપવા નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા બાદ કેસમાં અંતિમ ચુકાદો અનામત રાખ્યો છે.

ફ્યૂચર રિટેલ અને ફ્યૂચર કુપન પ્રાઈવેટ લિમિટેડ એ ૧૭ ઓગસ્ટે દિલ્હી હાઈકોર્ટના આદેશની વિરૂદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે તે તેના સિંગલ જજ દ્વારા અગાઉના આદેશને અમલમાં મૂકશે જે ઇમર્જન્સી આર્બિટ્રેટરના એવોર્ડને અનુલક્ષીને ફ્યુચર રિટેલને રિલાયન્સ સાથેના સોદામાં આગળ વધતા અટકાવશે. ઉલ્લેખનિય છે કે, માર્ચમાં દિલ્હી હાઈકોર્ટે તો ફ્યૂચર ગ્રૂપની કંપનીઓ - ફ્યૂચર રિટેલ અને ફ્યૂચર કૂપનની સંપત્તિઓ ટાંચમાં લેવાનો પણ આદેશ આપ્યો હતો. જો કે સુપ્રીમ કોર્ટના નવા નિર્દેશને પગલે ફ્યૂચર ગ્રૂપની સંપત્તિ જપ્ત થવા પર રોક લાગી જતા કિશોર બિયાનીને મોટી રાહત મળી છે.ફ્યૂચર રિટેલ અને રિલાયન્સ રિટેલ વચ્ચેની ડીલ મામલે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે જેનાથી કિશોર બિયાનીને રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે ગુરૂવારે દિલ્હી હાઈકોર્ટ સમક્ષ સિંગાપોરના ઈમર્જન્સી આર્બિટ્રેટર દ્વારા ફ્યુચર રિટેલ લિમિટેડને ૨૪,૭૩૧ કરોડ રૂપિયાના રિલાયન્સ રિટેલ સાથેની મર્જર ડીલને આગળ વધતા રોકતા એક આદેશના અમલ સહિત સંબંધિત તમામ કાર્યવાહી પર ચાર સપ્તાહ સુધી રોક લગાવી દીધી હતી.

### અમેરિકામાં થયેલા ફાયરિંગમાં ૬ લોકો થયા ઘાયલ : ૩ શંકાસ્પદ ફરાર

## અમેરિકાના સાઉથ ઈલિનોઈસમાં લોકો પર ફાયરિંગ

અમેરિકા, તા.૧૦

અમેરિકામાં સાઉથ ઈલિનોઈસમાં લોકો પર કરવામાં આવેલ ફાયરિંગ સંદર્ભે પૂર્વ સેન્ટ લુઈસ પોલીસ ચીફ કેન્ડલ પેરીએ કહ્યું કે ઘણા લોકોને ગોળી વાગી છે. પેરીએ કહ્યું કે ફાયરિંગની ઘટના ઈસ્ટ સાઈડ મીટ માર્કેટની બહાર બની હતી. ઈલિનોઈસ સ્ટેટ પોલીસ દ્વારા કહેવામાં આવ્યું છે કે ગુરુવારે રાત સુધી ફાયરિંગ ચાલી રહ્યું હતું. ફાયરિંગના શકમંદોએ નજીકની મેટ્રો લિંકમાંથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અહીં કાર ફસાઈ જવાને કારણે તે પોતાનું વાહન છોડીને ભાગી ગયા હતા. પોલીસ આ વિસ્તારમાં શકમંદોની શોધખોળ કરી રહી છે. પૂર્વ સેન્ટ લુઈસ અમેરિકાનું શહેર છે જ્યાં હત્યાનો દર ખૂબ ઉંચો



છે. પૂર્વ સેન્ટ લૂઈસ મિઝોરીથી લગભગ ૯.૬૬ કિમી દૂર છે. ઈલિનોઈસ સ્ટેટ પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા એક રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટના સાંજે ૪ વાગ્યાની આસપાસ બની હતી. લોકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ અહીં આવવાનું ટાળે અને પોતાના ઘરમાં રહે. મેટ્રોલિંક આ વિસ્તારમાં ટ્રેનો મોડી થવાની ચેતવણી જારી કરી રહી છે. બે અસરગ્રસ્ત સ્ટેશનોના મુસાફરોને બસ શટલ દ્વારા રવાના કરવામાં આવી રહ્યા છે. આ સિવાય ઓહિયોના સૌથી મહત્વપૂર્ણ એરબેઝ પર લોકડાઉનની સ્થિતિ પણ છે. અહીં હુમલાખોરના પ્રવેશ બાદથી પરિસ્થિતિ તંગ છે અને સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. એરબેઝ પર વધારાના સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે, જ્યારે કેટલાક સ્ટાફને ઘરે જવા માટે કહેવામાં આવ્યું છે. આ અંગેની માહિતી ૮૮ મી એરબેઝ વિંગ દ્વારા ગુરુવારે મોડી સાંજે આપવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે શૂટર નેશનલ એર એન્ડ સ્પેસ ઈન્ટેલિજન્સ સેન્ટરમાં હાજર છે.અમેરિકાના સાઉથ ઈલિનોઈસમાં ગોળીબાર થયાના અહેવાલ છે. કહેવામાં આવી રહ્યું છે કે ગુરુવારે બપોરે ત્રણ હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. હાલ આ હુમલાખોરો ફરાર છે અને તેમની શોધખોળ ચાલુ છે. ત્રણેય શકમંદોએ પેસેન્જર ટ્રેનમાં પોતાના વાહનને ટકરાવી દીધુ હતુ. આ દુર્ઘટનાનો ભોગ બનેલાઓમાં અત્યાર સુધી એક પુરુષ અને એક મહિલાની ઓળખ થઈ છે.

## પાકિસ્તાનની નવી ચાલ અફઘાનિસ્તાન પર નિયંત્રણ રાખવા તાલિબાનીઓને પાકિસ્તાની ચલણ આપશે

નવી દિલ્હી , તા.૧૦

પાકિસ્તાનના કેન્દ્રીય નાણા મંત્રી શૌકત તારિને ગુરૂવારે જણાવ્યું કે, તેમની સરકારે અફઘાનિસ્તાન સાથે પાકિસ્તાની મુદ્રામાં વેપાર કરવાનો નિર્ણય લીધો છે. તારિને જણાવ્યું કે, અફઘાનિસ્તાન પાસે ડોલરની ઉણપ છે માટે પાકિસ્તાન પોતાની જ મુદ્રામાં વેપાર કરશે. શૌકતે જણાવ્યું કે, અફઘાનિસ્તાનની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. અફઘાનિસ્તાનના અર્થતંત્રને ફરી પાટે ચઢાવવા માટે પાકિસ્તાન ત્યાં એક ટીમ પણ મોકલી શકે છે. હકીકતે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ સહિત અનેક સંસ્થાઓએ અફઘાનિસ્તાનને આપવામાં આવતું ફન્ડિંગ અટકાવી દીધું છે અને તેની સંપત્તિઓ પણ ફ્રીઝ કરી દીધી છે. આ કારણે તાલિબાન આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. જોકે પાકિસ્તાનના અર્થતંત્રની સ્થિતિ પણ કાંઈ સારી નથી. પાકિસ્તાની નાણા મંત્રી તારિને કહ્યું કે, પાકિસ્તાનને થોડા સમયમાં જ અફઘાનિસ્તાન સાથેના વેપારના પરિણામો દેખાવા લાગશે. સરકાર પાકિસ્તાનના જીડીપી ગ્રોથને વર્તમાન નાણાકીય વર્ષમાં ૪ ટકાથી વધારીને ૪.૮ ટકા કરવા માગે છે.

## તાલિબાન મુદ્દે ભારતમાં સતત વિવાદ : દિગ્વિજય સિંહે મોહન ભાગવત પર સાધ્યું નિશાન

નવી દિલ્હી , તા.૧૦

અફઘાનિસ્તાન પર કબજો જમાવ્યા બાદ તાલિબાને એવું જાહેર કર્યું હતું કે, તે મહિલાઓને સરકારમાં સામેલ કરશે. પરંતુ તાજેતરમાં રચવામાં આવેલી વચગાળાની સરકારમાં મહિલાઓને જગ્યા નથી અપાઈ. આ બધા વચ્ચે તાલિબાને એવું નિવેદન પણ આપ્યું છે કે, મહિલાઓ મંત્રી ન બની શકે, તે ફક્ત બાળકો પેદા કરે છે.અફઘાનિસ્તાનમાં તાલિબાની શાસન આવ્યા બાદ ભારતમાં પણ સતત આ મુદ્દે વિવાદ ચાલુ છે. વચગાળાની સરકારની રચના બાદ તાલિબાને તાજેતરમાં મહિલાઓ મંત્રી ન બની શકે તે અર્થનું નિવેદન આપ્યું હતું.

હવે આ નિવેદનના બહાને કોંગ્રેસી નેતા દિગ્વિજય સિંહે ભારતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસી નેતા દિગ્વિજય સિંહે શુક્રવારે સવારે એક ટ્વીટ કરી હતી જેમાં લખ્યું હતું કે, તાલિબાન કહે છે કે, મહિલાઓ મંત્રી બનાવવાને લાયક નથી. મોહન ભાગવત કહે છે કે, મહિલાઓએ ઘરે જ ગૃહસ્થી ચલાવવી જોઈએ. શું વિચારોમાં સમાનતા છે? દિગ્વિજય સિંહે સવાલ કર્યો હતો કે, શું ઈજીજી અને તાલિબાનના મહિલાઓ માટેના વિચારો એક સમાન છે? હકીકતે કોંગ્રેસી નેતા દિગ્વિજય સિંહે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતનું એક જૂનું નિવેદન શેર કર્યું છે. તે ૨૦૧૩નું નિવેદન છે જેમાં મોહન ભાગવતે કહ્યું હતું કે, પતિ-પત્ની વચ્ચે લગ્ન એક સમજૂતી છે જેમાં પત્ની ઘરની દેખભાળ અને બાકીની વસ્તુઓનું ધ્યાન રાખે છે જ્યારે પતિ કામકાજ અને મહિલાની સુરક્ષાની જવાબદારી સંભાળે છે.

ઉલ્લેખનીય છે કે, તાલિબાન મુદ્દે ભારતમાં સતત વિવાદ ચાલે છે. વિપક્ષના અનેક નેતાઓએ આ મુદ્દે સરકારને ઘેરી છે. અનેક નેતાઓએ તાલિબાન મુદ્દે એવા નિવેદનો પણ આપ્યા છે જેને લઈ હોબાળો મચેલો છે. દિગ્વિજય સિંહે પણ ભારત સરકારને અફઘાનિસ્તાન મુદ્દે નીતિ સ્પષ્ટ કરવા કહ્યું હતું. દિગ્વિજય સિંહે ટ્વીટમાં લખ્યું હતું કે, મોદી-શાહ સરકારે હવે સ્પષ્ટ કરવું પડશે કે જે તાલિબાન સરકારમાં ઘોષિત આતંકવાદી સંગઠનના સદસ્ય અને ઘોષિત ઈનામી આતંકવાદીઓ મંત્રી છે તેને ભારત માન્યતા આપશે?

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૨૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૫૮૪

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૩

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૩૪૪

## તંત્રી સ્થાનેથી...

### ભારત વિશ્વગુરુ ક્યારે બની શકે.....?

*ભારત વિશ્વગુરુ બને તેવું દરેક ભારતના નાગરિકો ઈચ્છતા હોય તે સ્વાભાવિક છે... પરંતુ વિશ્વગુરૂ બનવા માટેનો મૂળ પાયો શિક્ષણ છે તે વાત પ્રજા કે સરકારમાં બેઠેલા કેટલા લોકો સમજે છે.....?!તે સવાલ આમ પ્રજામાં ઉભો થયો છે. દેશમાં શિક્ષણનું સ્તર મોટા પ્રમાણમાં કથળી ગયું છે અને તેનું ઉદાહરણ છે વિશ્વની શ્રેષ્ઠતમ ૩૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની એક યુનિવર્સિટીનું નામ નથી. જોકે ટોપ લેવલની ૫૦૦ યુનિવર્સિટીઓમાં ભારતની ફક્ત ત્રણ યુનિવર્સિટીને સ્થાન મળ્યું છે. જ્યારે કે ગત વર્ષે ૫૦૦ યૂનિવર્સિટીમાં ભારતની છ યુનિવર્સિટીઓ હતી. આને અર્થ શું સમજવાનો.....? દેશમાં શિક્ષણનું સ્તર નબળા સ્તરે પહોંચી ગયું છે....! બીજી તરફ સરકારની નીતિઓ સરકારી શાળાઓનું બર્ડન ઓછું કરવા ખાનગી શાળા-કોલેજો ખોલવા પ્રોત્સાહન આપી રહી છે. ખાનગી શાળાઓ શરૂઆતમાં વિદ્યાર્થીઓના સારા પરિણામો આવે તે તરફ ધ્યાન આપતી હોય છે. અને પ્રસિદ્ધિ મળ્યા પછી મોટાભાગની ખાનગી શાળાઓ માત્ર આવક પર ધ્યાન આપતી હોય છે... પરિણામે શિક્ષણ સ્તર કથળી ગયું છે......! બીજી તરફ સરકાર ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ પૂરતી સંખ્યામાં મળતાં ન હોવાના બહાને વિદ્યાર્થીઓ હોવાના કારણે શાળાઓ મર્જ કરવા તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. તો અનેક શિક્ષકોની પણ ભૂલ છે કે તેઓ આધુનિક સમયને ઓળખીને ખાનગી શાળાઓને ટક્કર આપવા માટે વિદ્યાર્થીઓને વહેવારીકતાનુ જ્ઞાન આપવા સાથે શિક્ષણની ગુણવત્તા સબળ બને તે તરફ ધ્યાન ધ્યાન ન આપ્યું હોઈ શકે.... ઉપરાંત સરકારે શિક્ષણ કાર્ય સિવાય અન્ય કાર્યોમાં જોતરવાનુ કાર્ય કર્યું જેને કારણે શિક્ષકની કાર્ય શક્તિ ઉપર અસર થઇ અને પરિણામે શિક્ષણ સતલ કથળી ગયું તેમ કહીએ તો અતિશયોક્તિ નથી...! તેમજ ગ્રામ્ય સ્તરે શાળાઓ મર્જ કરતા દીકરીઓને ગામથી દૂર ભણવા મોકલવા પર મોટા ભાગના મા બાપ તૈયાર હતા નહીં,તો ગામ બહારની અન્ય શાળા પર પહોંચવા જરૂરી વાહન સુવિધાનો અભાવ પણ રહ્યો છે.....!જો આવી સ્થિતિ શિક્ષણ ક્ષેત્રમાં હોય તો પછી ભારત વિશ્વગુરુ કઈ રીતે બની શકે.....? કોરોના કાળે દેશના શિક્ષણ ક્ષેત્રને મોટામાં મોટું નુકસાન કર્યું છે તે હકીકત વધુ પ્રમાણમાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સમજી શકે છે. કારણ કે કોરોના સાંકળ તોડવા લોકડાઉન લાદવામાં આવ્યું હતું. બીજી તરફ વિદ્યાર્થીઓ શિક્ષણથી વંચિત ન રહે તે માટે સરકારે ઓનલાઈન શિક્ષણ આપવાનુ શરૂ કરાવ્યુ પરંતુ એ બાબતે ના વિચાર્યું કે ગામડાઓમાં ૨૪ કલાક વીજળી મળતી નથી, તો મોટાભાગના પરિવારો જેમાં શહેરના પણ આવી જાય તે મધ્યમ વર્ગ,ગરીબ અને મજૂર વર્ગના વિદ્યાર્થી પાસે મોબાઇલ સુવિધા નથી હોતી અને જો એનકેન પ્રકારે સુવિધા ઊભી કરે તો ગ્રામીણ વિસ્તારોમાં ઇન્ટરનેટની તકલીફ..... મોટાભાગના ગામડાઓમાં ઈન્ટરનેટ જ પકડાતુ ના હતુ. બીજી તરફ દેશના અનેક વિસ્તારોમા શિક્ષણ આપવા માટે શિક્ષકો કે મકાન જેવી મુખ્ય સુવિધાઓની અછત હોય કે નાજ હોય પછી તેમને ઓનલાઇન શિક્ષણ આપવાની વાતનો અર્થ શો.....? અને આ સમયે અગત્યની એ વાત સમજવાની જરૂર છે કે "કોઈ પણ દેશને ખોખલો કરી ખતમ કરવો હોય તો શિક્ષણ ખતમ કરો.....એટલે દારૂગોળો કે શસ્ત્રો વાપરવાની જરૂર જ ન પડે" આ વાત સમજી સરકારે વધુ પ્રમાણમાં શિક્ષણ સુધારવા- શિક્ષણની ગુણવત્તા વધારવા સાથે દરેકને મફત શિક્ષણ મળે કે નહીવત ફી માં મળી રહે તે તરફ વિશેષ બજેટ ફાળવવા સાથે ધ્યાન આપવાની જરૂર છે અને તોજ.... ભારત વિશ્વગુરૂ બની શકે.....!*

*વંદે માતરમ્*

# વિરમગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનું નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના વરદ હસ્તે ભૂમિપૂજન

અમદાવાદ જિલ્લાના વિરમગામ ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ભૂમિપૂજન કરતાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ખેડૂતોની આવક વધે તે માટે નર્મદા, સુજલામ સુફલામ અને સૌની સિંચાઈ યોજના પગલે ગુજરાતની ખેતી સમૃદ્ધ બની છે. પરિણામે, અગાઉના વર્ષોમાં ગુજરાતની કૃષિ આવક વાર્ષિક રૂ ૭ હજાર કરોડ જેટલી હતી, જે આજે વધીને રૂ.૧ લાખ ૪૦ હજાર કરોડે પહોંચી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈનું સ્મરણ કરતા કહ્યું કે, જો મને પૂછવામાં આવે કે નરેન્દ્રભાઈના ઉત્તમ કાર્યો ગણાવો, તો હું સૌથી પ્રથમ ક્રમે નર્મદા યોજનાને મુકું. તેમણે આ અંગેનું કારણ વર્ણવતા કહ્યું કે, નર્મદા યોજના તેમ જ વિવિધ સિંચાઈ યોજનાઓ અને જળસંચય ઝુંબેશના કારણે ગુજરાતમાં જળ-સમસ્યાનો ઉકેલ આવ્યો અને કૃષિ અને સંલગ્ન વ્યવસાયોમાં સમૃદ્ધિ આવી, જેને ગુજરાતના ગ્રામ્ય અર્થતંત્રની કાયાપલટ થઈ છે.

શ્રી નીતિનભાઈએ વિરમગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના સંચાલન-મંડળને અભિનંદન પાઠવતા કહ્યું કે, નવી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ૧૧ વીઘામાં આકાર પામશે, જેના કારણે ખેડૂતોને વધુ સારી સુવિધાઓ પ્રાપ્ત થશે. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના મહત્વને રેખાંકિત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ સહકારી વ્યવસ્થાના કારણે ખેડૂતોના માલની હરાજી થતા સારા ભાવ મળે છે, સાચો તોલ થાય છે અને ખેડૂતને તરત જ નાણા મળે છે જેના પરિણામે ખેડૂત વધુ ખમીરવંતો બન્યો છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે તેમના સહકારીક્ષેત્રના સંસ્મરણો તાજા કરતા કહ્યુ કે, હું છેલ્લા ૩૭ વર્ષથી કડી માર્કેટયાર્ડમાં સભ્ય હોવાના કારણે મને ખેતી-ખેડૂતની સમસ્યાઓની સારી પેઠે જાણ છે. તેમણે કહ્યું કે, વિરમગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગુજરાતની સૌથી જૂની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ પૈકીની એક છે, અને આ સમિતિએ કરેલી પ્રગતિનો મને વિશેષ આનંદ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સુધી સરળતાથી પહોંચી શકાય તે માટે નવો રોડ મંજૂર કરવાની પણ જાહેરાત કરી હતી. તેમણે ઉપસ્થિત સભાસદોને ગુજરાત સરકારની કૃષિ સંલગ્ન યોજનાઓનો લાભ લેવા પણ અનુરોધ કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભારત સરકારે કૃષિ પેદાશોના ટેકાના ભાવે ખરીદીમાં કરેલી જાહેરાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગુજરાત સરકાર ઝડપથી તેનું અમલીકરણ કરશે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે રોજગાર-સર્જન સંદર્ભે વાયબ્રન્ટ ગુજરાતનું ઉદાહરણ આપતા કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આયોજિત વાયબ્રન્ટ ગુજરાતના પગલે વૈશ્વિક કંપનીઓ આવતા સાણંદ-વિરમગામ-માંડલ વગેરે ક્ષેત્રોમાં મોટાપાયે રોજગાર-સર્જન થયું છે.

આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય શ્રી વજુભાઈ ડોડિયા, પૂર્વ ધારાસભ્ય શ્રી તેજશ્રીબહેન પટેલ, વિરમગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેન શ્રી લખુભા ચાવડા, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના પૂર્વ ચેરમેન કુશળસિંહ પઢેરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હર્ષદગીરી ગોસ્વામી, મહામંત્રી શ્રી નવદીપ ડોડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ભૂમિપૂજન પ્રસંગે અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા તેમ જ જિલ્લા પોલીસ વડા વિરેન્દ્ર યાદવ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરના કલોલમાં રિક્ષામાં મુસાફરના સ્વાંગમાં બેસી લોકોને લુંટતા ૨ શખ્સની ધરપકડ કરવામાં આવી હતી આ આરોપીઓ ગાંધીનગરના કલોલ તાલુકાના ધમાસણા ગામથી મંજુરી કામ કરતા પરપ્રાંતિયઓ રિક્ષામાં બેસી કામ અર્થે બહાર જતા હતા તે દરમ્યાન રિક્ષામાં બેઠેલા શખ્સ દ્વારા નજર ચુકવી તેમનું પાકિટ દસ્તાવેજો સાથે રોકડ રકમ ચોરી ગયા હતા. ત્યારબાદ ફરિયાદ થતાં આ બંને આરોપીને મુદ્દામાલ સાથે પોલીસે પકડી લીધા હતા.



ગુજરાતમાં મેઘમહેર વચ્ચે ગાંધીનગરના દહેગામમાં ઠેર-ઠેર પાણી ભરાયા જેના કારણે રસ્તાઓ જળબંબાકાર થઈ ગયા હતા. દહેગામ તાલુકાના ગામોમાં તેમજ શહેરમાં વિજળીના કડાકા સાથે ધોધમાર વરસાદ એકથી દોઢ કલાકના વરસાદમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ જેના કારણે લાઈટો ડુલ થઈ ગઈ હતી.

# જામનગરમાં જમણી સુંઢવાળા સિદ્ધી વિનાયકમાં ગણેશચતુર્થી સમયે ઘસારો


સુરત, તા.૧૦

જામનગરના સપડા નજીક આવતા દુરથી ડુંગર પર આ વિશાળકાય મુર્તિના દર્શન થાય છે.. કુદરતી સૌદર્ય વચ્ચે ડુંગર પર ટોચ પર વિશાળ ગણપતિદાદાના દર્શન દુરથી જ થાય છે. અનેક જગ્યાએ શિવજીની વિશાળ પ્રતિમાના દર્શન તો ભકતોએ કર્યા છે. પરંતુ આવી વિશાળકાય ગણેશજી પ્રતિમા ફકત સપડામાં જ જોવા મળે છે.. જેને જોવા માટે ભક્તો દુર-દુરથી આવતા હોય છે. ગણેશજીના મુસક પણ સાંભળે છે ભકતોની મનોકામના સપડાના ગણપતિમાં માત્ર ખેડુતોની મનોકામના ગણેશજી પુર્ણ કરે તેવુ નથી. માન્યતા છે કે અહી ગણપતિબાપાની સાથે તેમનો મુસક પણ ભકતોની વાત સાંભળે છે,અને તેમની મનોકામના પુર્ણ કરે છે. સપડાના ગણેશજીના દર્શન માત્રથી ભકતોની મનોકામના પુર્ણ થાય છે, પરંતુ અહી એક માન્યતા એવી છે કે અહી મુસકને કાનમાં પોતાની મનોકામના કહેવાથી તે ગણેશજી મનોકામના પુર્ણ કરે છે. દર વર્ષે ચોખા દાણા જેટલુ મુર્તિનુ કદ વધે છે.આ તો દૈનિક ગણેશજીના દર્શન કરવા છતા જાણી ન શકાય તે મુર્તિના કદમાં વધારો થાય છે. પરંતુ અહી વર્ષોથી વસવાટ કરતા લોકોનુ માનવુ છે કે અહી વર્ષે ચોખાના દાણા જેટલો મુર્તિના કદમા વધારો થાય છે. સપડાનુ સિધ્ધી વિનાયક મંદિર અનેક રીતે ભકતોને આકર્ષે છે. મંદિરની સાથે અનેક માન્યતાઓ જોડાયેલ છે.. અનેક ડુંગર પર કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલા મંદિર ભકિતમય વાતાવરણ પણ ભકતોની ખેંચી લાવે છે.અને ભકતોની મનોકામના પુર્ણ કરતા ગણેશજીના દર્શના માટે ભક્તો વારંવાર આસ્થાભેર દોડી આવે છે. તો ભકતોની મનોકામના પુર્ણ થતા અનેક ભકતો પોતાની યથાશક્તિ મુજબ મુસકની પ્રતિમા મંદિરમાં મુકી જાય છે. ભકતો અહી ગણેશજીના દર્શન કરે છે.. અને મંદિરમાં બીરાજતા મુસકજીને પોતાની મનોકામના કાનમાં કહે છે.ભકતોને ગણેશજી પર આસ્થા છે. મુસકના કાનમાં કહેલી વાત ગણેશજી સાંભળે અને પુર્ણ પણ કરે છે. સપડા ગણેશ મંદિર સાથે અનેક માન્યતાઓ જોડાયેલ છે .તેમાની એક મુર્તિ વિશેની માન્યતા છે. કહેવાય છે..ગણેશજીની મુર્તિ દર વર્ષે ચોખાના દાણા જેટલી વધે છે. સપડામાં સિધ્ધી વિનયાકની મુર્તિ અંગે એક એવી માન્યતા છે.. જમણી સુંઢ વારા આ ગણેશજીની મુર્તિ સ્વંભુ છે. જે દર વર્ષે થોડી વધે છે. જામનગર નજીક આવેલા સપડામાં સુપ્રસિધ્ધ સિધ્ધી વિનાયક મંદિર આવેલુ છે. જયાં રજાના દિવસોમાં તેમજ ખાસ ગણેશ ચર્તુર્થીના દિવસે મોટી સંખ્યામાં ભકતો આવે છે.

## જામનગરમાં નાથુરામ ગોડસે પ્રતિમા પર વિવાદનો વંટોળ

જામનગર ,તા.૧૦

જામનગરમાં શહેરમાં દ્વારકાધીશ મંદિર ખાતે હિન્દુ સેનાના સૌરાષ્ટ્ર યુવા પ્રમુખ મયુર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી હોદેદારો અને સૈનિકોની મળેલી બેઠકમાં આગામી તા.૧૫ નવેમ્બરના રોજ આવી રહેલી મહાત્મા નથુરામ ગોડસેની પુણ્યતિથિ નિમિત્તે જામનગર જિલ્લામાં તેઓની પ્રતિમા મુકવામાં આવશે. તેઓની ધર્મભાવના અને રાષ્ટ્રભાવનાને ઉજાગર કરી હિન્દુ સેનાએ યુવાનોમાં જોશ, જુસ્સો અને જાગૃતતા લાવવા અભિયાન હાથ ધર્યું છે. આ બેઠકમાં સૌરાષ્ટ્રના ૩૦ જવાબદાર સૈનિકોની સમિતિ બનાવી આ અભિયાનને આગળ ધપાવવા સંકલ્પ લેવાયો હતો. સમાજનો સહકાર મળી રહે તે માટે હિન્દુ સેનાના ગુજરાત અધ્યક્ષ, સૌરાષ્ટ્ર યુવા પ્રમુખ ઉપરાંત રાજદીપ ગોહિલ, ભાવેશ ઠુમ્મર, યોગેશ અમરેલીયા, ધીરેન નંદા સહિતનાઓએ વિશેષ જવાબદારી સંભાળી હતી.



તા.૧૦-૯-૨૦૨૧ ગણેશ ચતુર્થી નિમિત્તે ગાયત્રી પરિવાર નારણપુરા દ્વારા ગણેશ-ગાયત્રી યજ્ઞમાં ૧૦૮ લાડુ, ગાયનાધી અને ઔષધીયયુક્ત હવન સામગ્રી વડે ૐ એક દન્તાય વિદ્મહે વક્રતુંડાય ધીમહિ તન્નો દન્તિ પ્રચોદયાત્ ગણેશ- ગાયત્રી મંત્રો, મહામૃત્યુંજય મંત્ર,કોરાના નાબૂદીના મંત્રોચ્ચારની આહુતિઓ અપાઈ તેમજ સૌને સદબુદ્ધિ ઉજ્જ્વળ ભવિષ્ય નિરામય જીવનની પ્રાપ્તિ અર્થે આહુતિઓ પ્રદાન કરી પ્રાર્થના કરવામાં આવી હતી

# સ્મારકોનું નવનિર્માણ

સરકારો અને શાસકો ઈચ્છે કે ન ઈચ્છે, ઈતિહાસ થવાનું તેમના લમણે લખાયેલું હોય છે. શાસકો તે બરાબર જાણતા હોય છે. એટલે તેમનો પ્રયાસ ઈતિહાસની નહીં, પણ પોતાની મરજી પ્રમાણે પોતાનું પ્રકરણ લખીને જવાનો હોય છે. વર્તમાન શાસકો આ બાબતમાં એકદમ આત્મનિર્ભર છે. એટલે તે પોતાનો જ નહીં, પહેલેથી લખાઈ ચૂકેલો ઈતિહાસ પણ પોતાની મરજી પ્રમાણે ફરી લખવા તલપાપડ હોય છે. ગયા સપ્તાહે થયેલું જલિયાંવાલા બાગ સ્મારકનું નવનિર્માણ તેમની એ તલપાપડગીરીનો વધુ એક નમૂનો છે. વર્તમાન શાસકોને ન્યાય ખાતર કહેવું જોઈએ કે આ વૃત્તિ નાના પાયે શાસિતોમાં-લોકોમાં પણ રહી છે. ઐતિહાસિક સ્થળો, સ્થાપત્યો, ઈમારતો જેવાં સદીઓ જૂનાં સ્થળોએ કે ઈમારતો પર, હાલમાં કોણ કોને પ્રેમ કરે છે, તેને લગતાં લખાણ લખવાં એ આપણી પ્રજાકીય ખાસિયત રહી છે. તેની પાછળનો પવિત્ર આશય પોતાના પ્રેમને ઈતિહાસમાં અમર કરી દેવાનો જ હશે, ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં સ્મારકોમાં સામાન્ય લોકો આવું કરે તો તેનાથી સ્મારકને નુકસાન થયું ગણાય. પણ કાયદો બનાવનારા શાસકો પોતે આવું કરે તો તે સ્મારકોનું નવનિર્માણ કહેવાય. વર્તમાન શાસકોની સ્મારક-નવનિર્માણ પદ્ધતિ એવી છે કે તેમના દ્વારા 'વિકાસ પામેલાં' સ્મારકોને મનની આંખથી જોતાં 'આઇ લવ આઇ' અથવા 'મોદી લવ્ઝ મોદી' લખેલું તરત વંચાઈ જાય. મામલો તો આખરે ઈતિહાસમાં અમરત્વ મેળવવાનો છે. તે પોતાની કામગીરીથી ન મળે તો કોઈની કામગીરી પર પોતાનાં લેબલ મારીને પણ હાંસલ કરી લેવું.

નવાં સ્મારક બનાવવાં અને જૂનાં સ્મારકોને જાળવી રાખવાં એ કળા છે. શાસકોને તે કળા આવડવી જરૂરી નથી. તેમનું કામ આવી કળા આવડતી હોય તેવા લોકોને કામ સોંપવામાં છે. વર્તમાન સરકારમાં આવા લોકો નક્કી છે. એટલે આવાં સ્મારકોની જાળવણીનું કે નવા બાંધકામનું કોઈ પણ કામ નીકળે તો તેના આર્કિટેક્ટ કોણ હશે અને કઈ એજન્સી તે સ્મારકનું ઈતિહાસનું, સુશોભનનું તેમ જ ઈતિહાસના અનુકૂળ સુશોભનનું કામ કરતી હશે, એની ધારણા સહેલાઈથી કરી શકાય અને મોટે ભાગે તે ધારણા ખોટી ન પડે. કોઈ તેને મળતીયાઓને લાભાન્વિત કરવાની નીતિ કહી શકે, તો કોઈ સાતત્ય પણ કહી શકે. પરંતુ અંતે નવનિર્મિત સ્મારકની જે દશા થાય છે તે જોતાં એટલું ચોક્કસ સમજાય છે કે ઘણાં નવનિર્માણ ખંડન કે તોડફોડ કરતાં પણ વધારે ખતરનાક હોય છે. કારણ કે તેમાં જૂના સ્મારકની ગરીમાનું-ઐતિહાસિકતાનું-વાતાવરણનું પૂરેપૂરું ખંડન થઈ ગયું હોવા છતાં, તે કહેવાય છે નવનિર્માણ. તેને 'ખંડન' તરીકે ઓળખાવનારા સરકારવિરોધી અને એવાં બીજાં વિશેષણો મેળવે છે.

ઘણાંખરાં રેસ્તોરાંની પંજાબી સબ્જી માટે કહેવાય છે કે તેમાં રસો તો એકસરખો જ હોય છે, ફક્ત ઉમેરણ બદલાય છે. વર્તમાન સરકારના નવનિર્માણ પ્રોજેક્ટોનો મામલો પણ કંઈક એવો જ લાગે છે. સ્થળ ગમે તે હોય, પણ તેનું નવનિર્માણ કરવાની કે નવા સ્મારકનું નિર્માણ કરવાની તેની પદ્ધતિ એવી છે કે મુલાકાતી પર સ્મારક કરતા સ્મારકના નવનિર્માણની અને તે પ્રોજેક્ટનો હુકમ આપનાર શાસકની અસર વધારે પડે. જેમ કે, 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના પ્રવાસે ગયેલા લોકો પાછા ફરીને બગીચાની, લાઈનોની, તોતિંગપણાની, રેલવે સ્ટેશનની, સ્પેશિયલ ટ્રેનોની, ભૌતિક સુવિધાઓની કે તેમાં પડતી મુશ્કેલીઓની વાત કરશે. સરદાર પટેલના જીવનકાર્ય વિશે ભાગ્યે જ કોઈના મોઢેથી કશું સાંભળવા મળશે. એ છે અસલી ટૅક્નિક, જેમાં સરદારના નામે સ્મારક થઈ ગયું, પણ જયજયકાર જેનું સ્મારક છે તેના કરતાં ઘણો વધારે જેણે સ્મારક બનાવ્યું, તેનો થાય. આ થઈ નવા નિર્માણની વાત. જૂની જગ્યાના નવનિર્માણમાં 'સરદાર પટેલ સ્ટેડિયમ'નું નામ 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' થઈ જાય અને સરદાર પટેલનું નામ આખા રમતગમત સંકુલને આપી દેવામાં આવે. ભક્તો તેને સરદાર પટેલનું પ્રમોશન સાથેનું બહુમાન ભલે ગણાવે, પણ જેમણે સમજ ગીરવે નથી મુકી એવા લોકોને તરત સમજાઈ જાય કે આ તો સિનિયર નેતાઓને માર્ગદર્શક મંડળમાં મુકવા જેવું પ્રમોશન છે.

વર્તમાન સરકારનું સ્મારક નવનિર્માણ તંત્ર બીજી રીતે પણ પંજાબી સબ્જી જેવું છે. નવનિર્માણની તેમની વ્યાખ્યામાં અઢળક ખર્ચ, ટૅક્નોલોજિનો ઔચિત્યભાન વગરનો ઉપયોગ, સ્મારકનો આત્મા હણી નાખે એવી ચકાચૌંધ અને ભવ્યતા, લેસર શો-લાઈટિંગ...ટૂંકમાં ઐતિહાસિક સ્થળને પિકનિક માટેના સ્થળના દરજ્જે ઉતારી દેવું અને ધ્યાન રાખવું કે બને ત્યાં સુધી લોકો ઈતિહાસને બહુ અડે નહી અને અડે તો પણ માત્ર સરકારને અનુકૂળ થાય એવા ઈતિહાસના ટુકડાને જ. સબ્જીની જેમ સ્મારક ગમે તે વ્યક્તિ કે બાબતનું હોય, નવનિર્માણની રીત તો આ જ.

તૂટેલાં કપ-કીટલી-કાચનાં વાસણમાં ફૂલછોડ ઉગાડનારાને આખા કપ-કીટલી-વાસણો જોયા પછી એવો વિચાર આવી જાય છે કે તેને તોડી નાખીએ તો સરસ પૉટ થઈ શકે. વર્તમાન સરકારની સ્મારકો વિશની મનોદશા કંઈક એવી જ છે. જ્યાં જીવનનો-આત્માનો સળવળાટ હોય તેવાં ઠેકાણાંને જોઈને પણ તેમને થતું હશે કે જૂનાને ખતમ કરી દઈએ, તો નવું સરસ બનાવી શકાય. ઔચિત્યનો વિચાર કર્યા વિના સરકાર સ્મારકોને જે રીતે બાહ્ય ઝાકઝમાળની જરીમાં ઝબકોળી રહી છે, તે જોતાં વર્તમાન શાસક અને સરકારને તેમનું અલાયદું સ્મારક બનાવવાની ભાગ્યે જ જરૂર પડે. તેમના દ્વારા નવનિર્મિત સ્મારકોમાં તેમનાં વિચારસરણીની-શાસનકાળની-કાર્યપદ્ધતિની-મથરાવટીની સાચી રજૂઆત થઈ ચૂકી છે.

**ઉર્વીશ કોઠારી...**

# ગુજરાતના પાટનગરના તમામ તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો : ખેડુતોમાં ખુશી લાગણી



ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગરમાં મેઘરાજાએ વાદળોનાં ગળગળાટ વચ્ચે પધરામણી કરી દીધી છે. ઘણા ખરા વિસ્તારોમાં વરસાદ ધમાકેદાર બેટિંગ કરી રહ્યો છે જ્યારે અમુક વિસ્તારમાં ધીમી ધારે વરસાદ વરસી રહ્યો છે. ગઈકાલ બુધવારે સમગ્ર દિવસ દરમિયાન અસહ્ય ઉકળાટનો અહેસાસ કરી રહ્યા હતા. અને સાંજ પડતાં વરસાદ શરૂ થયો હતો. તેમજ રાત્રીના આઠ થી દસ વાગ્યા સુધીમાં મન મૂકીને મેહુલો વરસ્યો હતો. આજ સવાર સુધી વરસાદે વિરામ લઈ લીધો હતો, જેમ જેમ દિવસ આગળ વધતો જઈ રહ્યો છે તેમ તેમ આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા છે. આકાશમાંથી વાદળોનો સ્પષ્ટ ગળગળાટની અનુભૂતિ કરી રહ્યા છે. બપોર એક વાગ્યાથી ગાંધીનગરમાં મેઘરાજાએ બેટિંગ શરૂ કરી દીધી છે. જેનાં કારણે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે. ।ોડી થોડી વારે બંધ ચાલુ થતાં વરસાદના કારણે લોકો પણ બહાર નીકળતા અચકાઈ રહ્યા છે. જોકે, વરસાદી માહોલ સર્જાતા ગાંધીનગર સોળે કળાએ ખીલી ઉઠયું છે. વરસાદ વરસતા સાબરમતી નદીમાં હજી પણ પાણી આવ્યું નથી, પરંતુ નદી પર બનેલા શાહપુર ઓવરબ્રિજ પર પાણી ફરી વળ્યા છે. જેનાં કારણે રાહદારી વાહન ચાલકોને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે થોડી વાર પછી વરસાદે વિરામ લઈ લીધો છે.ગાંધીનગર જિલ્લામાં આજે સવારથી વરસાદી માહોલ છવાયો છે, જેમાં બપોરના ચાર વાગ્યા સુધીમાં દહેગામમાં ત્રણ ઈંચ, માણસામાં અઢી ઈંચ અને કલોલમાં એક ઈંચ વરસાદ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં પણ અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો.

મોડે મોડે પણ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. ગાંધીનગર શહેરમાં સવારે વરસાદી માહોલ જોવા મળ્યો હતો પરંતુ બાદ વરસાદે હાથ તાળી આપી દીધી હતી. જોકે, બપોર ૧ વાગ્યા પછી ધીમી ધારે શરૂ થયેલા વરસાદે બે વાગ્યાથી ધમાકેદાર બેટિંગ શરૂ કરી દીધી છે. વરસાદની બેટિંગ શરૂ થતાં સાબરમતી નદીમાં પાણી આવ્યું નથી, પરંતુ નદી પર બનાવેલા પુલ પર વરસાદી પાણી ફરી વળતા તંત્રની પોલ ખુલી જવા પામી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ

વિષય :." સમય ના સરવાળા.બાદબાકી,ભાગાકાર" વિષયક રચનાઓ(૧૧-૯-૨૦૨૧)દિવસ - ૬

Jan fariyad & News of Gandhinagar daily

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)

પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા

website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

-----------------------------------------------

NOG SS No - 0050

વિષય સમયના સરવાળા બાદબાકી અને ભાગાકાર સામાજિક આર્થિક અને વ્યવહારિક દ્રષ્ટિએ .

શીર્ષક- જિંદગીનાં સરવાળા બાદબાકી

... જિંદગીનું ગણિત ઘણું શીખવે, સમજાઈ જાય તો જિંદગી મજાની..!
ક્યારેક ને ક્યારેક તો જૂનાં સંબંધોની બાદબાકી થઇ જાય છે..!
તો ક્યારેક નવાં સંબંધોનો સરવાળો થાય છે ...!
તો ક્યારેય પડછાયા પણ છોડે છે સાથ..!
ઋણનું બંધન ખેંચે એકબીજાને ..!
ત્યારે ખોટ વર્તાય પ્રિયજનની..!
ઘણી ખાધી ઠોકરો નિભાવવા સંબંધો..!
અહમ ભર્યા , ગુસ્સાનાં વંટોળમાં..!
ન કહેવાનું કહેવાય જાય ક્યારે..!
છુટ્ટી રહેવા દોને સંબંધોની દોરને..!
નહીં તો હૃદયને વીંધી નાંખશે..!
તરત જ થઈ જશે બાદબાકી કેવી..?
ભૂલી જવાની ભવ્ય આહુતિ જાણે કર્યો મહાયજ્ઞ..!
પ્રણયમાં પારિજાતની મહેંક લઈને આવે..!
જિંદગીનાં સરવાળા..!
નફરતની કરી બાદબાકી અહંકારને કાઢો બહાર જિંદગીથી..!
આશાઓ ખોટી ચોંટાડે કોણીએ ગોળ..!
વહેમનાં ગણિતમાંબાદબાકીને ભાગાકાર કરજો સદાય..! પ્રેમનાં ઓવારણાં ને સ્નેહનાં સરવાળા ને ગુણાકાર કરજો જરૂરથી..!
જિંદગી લાગશે વ્હાલી વ્હાલી..!

રાગીની શુક્લ રાગ" મુંબઈ, કાંદિવલી

-----------------------------------------------

NOG SS No : 0007

વિષયઃ સમયના સરવાળા બાદબાકી અને ભાગાકાર

પ્રકાર : ગદ્ય,લેખ

વિષય : હું મધ્યમ વર્ગીય

હા હું મધ્યમ વર્ગીય કોમનમેન છું.મારા ઘરનો દરવાજો ખુલતાં જ આવનારને મારું ઘર જોઈને અંદાઝ આવી જાય કે હું મધ્યમ વર્ગીય છું.મુખ્ય દરવાજાની બરાબર સામેની દિવાલ પર બાપદાદાની ખરીદેલી શ્રીજી બાવાની છબી આપનું સ્વાગત કરતી નજરે પડે છે.છબીની બરાબર નીચે એક કટ સાઈઝનો કબાટ,કબાટ પર મૂકેલી ઘરની દિકરીએ બનાવેલી વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓની હાજરી,દિકરીની કલાસૂઝની ઓળખ કરાવે છે.હજી આગળ આવો તો દિવાનખાનામાં એક સોફો,ખૂરશી અને એની આગળ મૂકેલી નાની ટીપોય,વગેરે ફર્નિચરથી દિવાનખાનું શણગારીને હું મારી ગણતરી સુખી માણસોમાં કરાવું છું.મહેમાન આવે તો તેઓને પાણીથી લઈને ઠંડાં, ગરમ પીણાં,નાસ્તો વગેરે ખાસ આકારવાળી, મોંઘી દેખાતી ક્રોકરીમાં સર્વ કરું છું.દિકરા દિકરી કોલેજ જતાં થાય ત્યારે એમને બૂટચંપ્પલથી લઈને બેગ; થોડી મોંઘી જ અપાવું છું.જેથી ટકે તો ખરી જ,સાથે સાથે બીજાં વિદ્યાર્થીઓ સામે સારું પણ લાગે એ વિચારથી. પછી ભલે મારે મારી ઈચ્છાઓની બાદબાકી કરવી પડે.પોતાની ઈચ્છાઓની બાદબાકી કરીને પણ બાળકોને પિકનિક પર તો મોકલીએ જ.કારણ આપણે નહોતાં જતાં. એટલે બાળકોનાં આનંદનો સરવાળો કરવા પણ એમની જરૂરિયાતો સંતોષીએ.આ અને આવી કેટલીય નાની નાની એષણાઓની બાદબાકી કરીને કહેવાતો આ મધ્યમ વર્ગીય કોમન મેન પોતાનાં પરિવારનાં સુખોનો સરવાળો કરતો જાય છે, પોતાનાં આનંદનો ભાગાકાર કરીને જે શેષ બચે એ પણ વહેંચી દે છે.અને છેલ્લે દિકરો ભણી ગણીને મોટું પેકેજ મેળવશે, ત્યારે હું બાકી રહી ગયેલી ઈચ્છાઓ પૂરી કરીશ કહીને પોતાનાં આનંદનો ગુણાકાર કરીને રાત્રે મીઠી નિંદરમાં પોઢી જાય છે.

આ છે આજનાં મધ્યમ વર્ગીય કોમનમેનનાં જીવનનાં સામાજિક , આર્થિક અને વ્યવહારીક સરવાળા, બાદબાકી, ગુણાકારનાં લેખાં જોખાં.

લેખિકાઃ આરતી મરચંટ,મુંબઈ : કાંદિવલી.

-----------------------------------------------

NOG SS No. 055

વિષય : સમયનો સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર.

શીર્ષક : સમયનો સરવાળો...

પ્રકાર : પદ્ય

સમય કરે સરવાળો
ઓ ભાયા...
સમય કરે સરવાળો...
જીવ કરે ભલે ઉધામા
ગમે એવા લે ઉપાડા..
સમય ન છોડે ભૂપતિને
સમય ન છોડે કરોડપતિને...
લાખ કરે છટકબારી
છોડે ન કોઈને ગિરિધારી..
કોઈ પણ બહાના નહિ ચાલે
હિસાબ ચૂકતે કુદરત કરનારી...
સમય કરે સરવાળો..
ઓ ભાયા....
સમય કરે સરવાળો..

શ્રદ્ધા ભટ્ટ,વાપી

-----------------------------------------------

NOG. સાહિત્ય સરીતા

NOG SS No. - 0063

વિષય - સમયનાં સરવાળા, બાદબાકી...

પ્રકાર - ગદ્ય(માઈક્રોફિક્શન)

શીર્ષક - રુક્કીસીગ(એક હિન્દુસ્તાની જવાન)

'ઓઓઓય...કાકે...ચલ અબ નિકલતે હૈ, દૌડ...હમને યહાંવાલો કો તો માર ડાલા, લેકિન પીછે હ..આતે હી હોંગે'

રુક્કીસીગને પાછળથી પોતનીજ બટાલિયનનો સૈનિક ખેંચી રહ્યોં હતો.

થોડી વારે રુક્કી એક ઘવાયેલી, ભયભીત, વેરવિખેર છોકરીને તાર ટપી,ખભે નાખી લઈ આવ્યો અને એને સૈનિકોના ટેમ્પરરી દવાખાનામાં સુવડાવી.

'એ...યે તો...હિન્દુસ્તાની લગતી હૈ!' એક સૈનિક બોલ્યો.

'આજે ફરી ભારતમાનાં પુત્રએ એની ફરજ બજાવી, જે સુડતાલીસમાં મારા પિતાએ તારની પેલે પારથી મારી માને બચાવી બજાવી હતી. કાકે.. સમયકા ચક્કર બારબાર વહીં આકે ખડાં રહેતાં હૈં. પરંતુ, હિન્દુસ્તાની જવાન પોતાની મા,બહેન, દીકરી કે પત્નીની રક્ષા કાજે ગમે તે હદ સુધી જઈ શકે છે.'

રુક્કીના જઝબાને બાકીનાએ તાલીઓથી વધાવ્યો.

રીટા ભાયાણી.



વ્હાલી સિયા,

આ સોહામણા સંસારમાં તારું સ્નેહભર્યું સ્વાગત છે, બેટા. આખરે, તું કોઈ અનન્ય ગ્રહમાંથી પૃથ્વી પર આવી ગઈ. હું ખૂબ ખુશ છું. હું છેલ્લા કેટલાક દિવસથી રોજ તારી રાહ જોતી હતી. આજે મારા ઈન્તજારનો અંત આવ્યો.

તારા કોમળ પગલાં, તારી બિડાયેલી આંખો, તારા મુખનો મલકાટ જોઉં છું ને લાગે છે...જીવન ધન્ય થઈ ગયું. અરે, બેટા તારી સાથે આજે મારો પણ જન્મ થયો ×દાદી×નું બિરુદ મળી ગયું. તને ખબર છે...અમે તારું નામ સિયા રાખ્યુ છે. તું સાત સમંદર પાર કેનેડાની ધરતી પર ઝૂલી રહી છે. અને હું તને મળવા બેચેન છું. કાશ, તું ભારતમાં હોત... પણ, લાગણીઓને કોઈ સરહદ નથી નડતી...હોં.... બેટા. હું પળેપળ તને મારી પાસે અનુભવી રહી છું. તારી મૃદુ હથેળી વચ્ચે મારી આંગળીને જોઈ શકું છું.

બસ, હવે જલદી જલદી મારે તને મળવું છે. દાદી તરીકે, એક દોસ્ત તરીકે તારી સાથે ખૂબ ખૂબ વાતો કરવી છે, ખૂબ રમવું છે. મને ખબર છે હાલ તું સામે જવાબ નહીં આપે પણ, તારી આંખોથી મને સાંભળીશ.

ખૂબ ખૂબ વહાલ મારી રાજકુમારી. - તને અનુભવતી તારી દાદી.

--- જ્યોતિ આચાર્ય

### રાજ્ય સરકાર દ્વારા 33 જિલ્લાઓમાં અને ચાર મહાનગરોમાં મોટા પાયે 'માનસિક આરોગ્ય કાર્યક્રમ કાર્યરત

# અમદાવાદ મેન્ટલ હોસ્પિટલ ખાતે વિશ્વ આત્મહત્યા અટકાવ દિવસ સંદર્ભે મીડિયા સંવાદ યોજાયો

## વર્ષ ૨૦૨૦-૨૧મા ૬.૯૮ લાખ ઓ.પી.ડી. અને ૫.૬૭ લાખ દર્દીઓને દાખલ કરી માનસિક આરોગ્ય સેવાઓ આપવામાં આવી

૨૦૧૭ માં આત્મહત્યાના કિસ્સામાં દેશમાં ગુજરાત ૭ માં ક્રમે હતુ. વર્ષ ૨૦૨૦ માં ૧૨ ક્રમે પહોચ્યુ : રાજ્યમાં આત્મહત્યાના બનાવોમાં નિરંતર ઘટાડો જોવા મળી રહ્યો છે

આત્મહત્યા પ્રેરિત તત્વો અને વિચારો અટકાવવામાં મીડિયાની ભૂમિકા મહત્વની – ડૉ. અજય ચૌહાણ

"હું તારી સાથે છું...તારી તકલીફમાં મદદરૂપ બની શકું છુ" સહાનૂભુતિભર્યા આ શબ્દો કોઇ વ્યક્તિ માટે જીવનરક્ષક બની શકે છે. આત્મહત્યાનો વિચાર કરનાર વ્યક્તિને આ શબ્દો આત્મહત્યા કરતા અટકાવી શકે છે, તેમ માનસિક આરોગ્યના તબીબોનું માનવું છે.

આજે અમદાવાદ મેન્ટલ હોસ્પિટલમાં "વિશ્વ આત્મહત્યા અટકાવ દિવસ" સદંર્ભે મીડિયા સંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. મીડિયાના માધ્યમથી આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો.

એક સર્વે પ્રમાણે દેશમાં દર એક લાખ વ્યક્તિએ ૧૧.૦૭ વ્યક્તિ આત્મહત્યા કરે છે. ગુજરાતમાં તેનુ પ્રમાણ ૧૧.૦૨ વ્યક્તિ છે. એન.સી.આર.બી.ના રેકર્ડ પ્રમાણે ગુજરાતમાં ૭૪૮૮ વ્યક્તિઓએ વર્ષ ૨૦૨૦માં આત્મહત્યા કરી જીવન ટૂંકાવ્યું હતું તેમ અમદાવાદ મેન્ટલ હોસ્પિટલના મેડિકલ સુપ્રીનટેન્ડેન્ટ ડૉ. અજય ચૌહાણે કહ્યું હતુ.

ડૉ. અજય ચૌહાણે એમ પણ જણાવ્યું કે, વર્ષ ૨૦૧૭ સુધીમાં આત્મહત્યાના પ્રમાણમાં ગુજરાત ૭ માં ક્રમે હતું. જે છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ આત્મહત્યા અટકાવવાના વિવિધ કાર્યક્રમો અને જનજાગૃતિના અભિયાનના ભાગરૂપે વર્ષ ૨૦૨૦ માં ૧૨ માં ક્રમાંકે પહોચ્યું છે. ગુજરાતમાં પહેલાની સરખાણીએ આત્મહત્યાનો દર ઘટ્યો છે.

"કોઇક મને સાંભળનારૂ છે" આ શબ્દોની આજે વ્યક્તિને ખૂબ જ જરૂર છે તેમ જણાવી ડૉ. અજય ચૌહાણે કહ્યુ કે, ઘણી વખત એકલવાયુ, ઉદાસીનતા અનુભવતા વ્યક્તિઓ માટે આ પ્રકારના શબ્દો પણ જીવનપરિવર્તન લાવી શકે છે. તેમને આત્મહત્યા કરવાના વિચારોથી દૂર રાખી શકે છે.




કોરોનાકાળમાં સામાન્ય પરિસ્થિતિ કરતા આત્મહત્યાના બનાવોમાં ૧૦ થી ૧૫ ટકાનો વધારો જોવા મળ્યો છે. જેના માટે સામાજિક, શારિરીક અને માનસિક વિવિધ પરિબળો જવાબદાર છે. જેને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૪ અને ૧૧૦૦ ટેલીમેડિસીન જેવી હેલ્પલાઇન અને ઇ-સંજીવની જેવી માનસિક હેલ્થ માટેની સેવાઓ પણ કાર્યરત કરવામાં આવી છે. જેના પગલે વ્યકતિ કોઇપણના સંપર્કમાં આવ્યા વગર પોતાની ઓળખાણની ક્ષતિ કર્યા વગર ઘેર બેઠા જ કાઉન્સેલીંગ કરાવી શકે છે.

રાજ્ય સરકાર દ્વારા ૩૩ જિલ્લાઓમાં તાલુકા અને જિલ્લા સ્તરે અને ચાર મહાનગરોમાં મોટા પાયે માનસિક આરોગ્ય કાર્યક્રમ ચલાવવામાં આવે છે. જેમાં મેડિકલ યુનિટની ટીમ દ્વારા દર્દીની માનસિક આરોગ્ય ચકાસણી તેનું કાઉન્સેલીંગ અને સારવાર કરવામાં આવે છે. દર્દીઓને આ કાર્યક્રમ હેઠળ ૩૫ પ્રકારની વિવિધ દવાઓ પણ તેમની જરૂરિયાત પ્રમાણે આપવામાં આવે છે.વર્ષ ૨૦૨૦-૨૧મા ૬.૯૮ લાખ ઓ.પી.ડી. અને ૫.૬૭ લાખ દર્દીઓને દાખલ કરી માનસિક આરોગ્ય સેવાઓ આપવામાં આવી મીડિયા સાથેના સંવાદમાં ડૉ. દિપ્તી ભટ્ટ દ્વારા મીડિયા દ્વારા આત્મહત્યા પ્રેરિત તત્વોથી વ્યક્તિને કંઇ રીતે દૂર રાખવા,લોકોમાં મીડિયાના માધ્યમથી સકારાત્મક વિચારોનું વહન કરવું, વ્યક્તિઓને આત્મહત્યા કરતા અટકાવવા માટે જનજાગૃતિ ફેલાવવા માટેનું આહવાન કરવામાં આવ્યું હતુ.

ડૉ. દિપ્તી ભટ્ટ દ્વારા વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આત્મહત્યાના કિસ્સામાં રીપોર્ટીંગ માટેની ગાઇડલાઇનનું પણ માર્ગદર્શન મીડિયા મિત્રોને આપવામાં આવ્યું હતુ.

અમિતસિંહ ચૌહાણ



સેટેલાઈટ ખાતે ટાયટેનીઈમ સીટી સેન્ટર રોડ પર આવેલ હેતવી ટાવર પાસે સેટેલાઈટ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવ નુ આયોજન કરેલ હોય ધર્મ પ્રેમી જનતા ને દર્શન માટે હાર્દિક આમંત્રણ છે

# ભારત ના ગુરુકુલ બંધ કેવી રીતે થયાં?

ઈંગ્લેન્ડમાં પ્રથમ શાળા ઈ.સ. ૧૮૧૧માં ખોલવામાં આવી હતી. તે સમયે ભારતમાં ૭,૩૨,૦૦૦ ગુરુકુળ હતાં. ગુરુકુળો કેવી રીતે બંધ થયા તે જાણીએ. ગુરુકુળ એટલે આજના જમાનાની બોર્ડિંગ શાળા. ગુરુકુળોમાં નીચેના વિષયો શીખવવામાં આવતા :

૦૧. અગ્નિવિદ્યા (ધાતુશાસ્ત્ર), ૦૨. વાયુવિદ્યા (પવન),૦૩. જળવિદ્યા (પાણી), ૦૪. અંતરીક્ષવિદ્યા (અવકાશ વિજ્ઞાન), ૦૫. પૃથ્વીવિદ્યા (પર્યાવરણ), ૦૬. સૂર્યવિદ્યા (સૌર અભ્યાસ), ૦૭. ચંદ્રવિદ્યા (ચંદ્રની કળાનો અભ્યાસ), ૦૮. મેઘવિદ્યા (હવામાનની આગાહી), ૦૯. ઊર્જાવિદ્યા (બેટરી ઊર્જા), ૧૦. દિન અને રાત વિદ્યા, ૧૧. સૃષ્ટિવિદ્યા (અવકાશ સંશોધન), ૧૨. ખાગોળ વિજ્ઞાન (ખગોળશાસ્ત્ર), ૧૩. ભુગોળ વિદ્યા (ભૂગોળ), ૧૪. કાલવિદ્યા (સમય અભ્યાસ), ૧૫. ભૂગર્ભવિદ્યા (ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ), ૧૬. રત્નો અને ધાતુઓ, ૧૭. ગુરુત્વાકર્ષણ, ૧૮. પ્રકાશવિદ્યા (શક્તિ)

૧૯. સંચારવિદ્યા (મોબાઈલ, રેડિયો, નેટ વગેરે), ૨૦. વિમાનવિદ્યા (એરોપ્લેન), ૨૧. જલયાન વિદ્યા (પાણીના જહાજો), ૨૨. અગ્નાસ્ત્ર વિદ્યા (શસ્ત્રો અને દારૂગોળો) ૨૩. જીવનવિજ્ઞાનવિદ્યા (જીવવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર), ૨૪. યજ્ઞવિદ્યા (સામગ્રી સમાન)

આ વૈજ્ઞાનિક શિક્ષણની વાત છે.

હવે વ્યાવસાયિક અને તકનીકી શાખાઓ વિશે વાત કરીએ.

૦૧. વ્યાપારવિદ્યા (વાણિજ્ય), ૦૨. કૃષિવિદ્યા (કૃષિ), ૦૩. પશુપાલન વિદ્યા (પશુપાલન), ૦૪. પક્ષી પાલન (પક્ષી પાળવું), ૦૫. યાનવિદ્યા (મિકેનિક્સ), ૦૬. વાહન ડિઝાઇનિંગ, ૦૭. રત્નાકર (જેમ્સ એન્ડ જ્વેલરી ડિઝાઇનિંગ), ૦૮. કુંભાર વિદ્યા (માટીકામ), ૦૯. લોહવિદ્યા (ધાતુશાસ્ત્ર અને લુહાર), ૧૦. રંગકામ વિદ્યા, ૧૧. રજ્જુકર (દોરડી), ૧૨. વાસ્તુકાર વિદ્યા (સ્થાપત્ય), ૧૩. રસોઈકળાવિદ્યા, ૧૪. વાહનવિદ્યા (ડ્રાઇવિંગ), ૧૫. જળમાર્ગોનું સંચાલન, ૧૬. સૂચકો (ડેટા એન્ટ્રી), ૧૭. ગૌશાળા (પશુપાલન), ૧૮. માળી (બાગાયતી),૧૯. વનવિદ્યા (વનીકરણ), ૨૦. સહયોગી (કવરિંગ પેરામેડિક્સ)

આ તમામ શિક્ષણ ગુરુકુળમાં ભણાવવામાં આવતું હતું. સમય જતાં ગુરુકુળો અકળ કારણોસર બંધ થઈ ગયાં પણ તેનું સાહિત્ય અકબંધ રહ્યું. આ સાહિત્ય અંગ્રેજોને હાથ આવ્યું અને તેને ઈંગ્લેન્ડ લઈ ગયા. બ્રિટિશ ઈતિહાસકાર થોમસ બેબીન્ગટન મેકૌલએ આ સાહિત્યનું ગહન અધ્યયન કર્યું અને આ પદ્ધતિનું અંગ્રેજીકરણ કર્યું. એટલું જ નહીં આ શિક્ષણ પદ્ધતિને ભારતમાં દાખલ કરી. ભારતમાં ગુરુકુલ સંસ્કૃતિનો અંત કેવી રીતે આવ્યો ? કોન્વેન્ટ શિક્ષણના પરિચયથી ગુરુકુળનો નાશ થયો. ભારતીય શિક્ષણ અધિનિયમની રચના ઇ.સ. ૧૮૩૫ માં કરવામાં આવી અને ઈ.સ.૧૮૫૮માં સુધારેલ). તેનો મુસદ્દો મેકૌલે દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. મેકૌલે અહીં શિક્ષણ પ્રણાલીનો સર્વે કરાવ્યો હતો જેમાં ઘણાં બ્રિટિશરોએ ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશે તેમના અહેવાલો આપ્યા હતાં. તેમાંથી એક બ્રિટિશ અધિકારી હતો જી. ડબ્લ્યુ. લ્યુથર અને બીજો હતો થોમસ મુનરો. બંનેએ જુદા જુદા સમયે અલગ અલગ વિસ્તારોમાં સર્વે કર્યો હતો. ઉત્તર ભારત (ઉત્તર ભારત) નું સર્વેક્ષણ કરનારા લ્યુથરે લખ્યું કે અહીં ૯૭ % સાક્ષરતા છે અને મુનરો, જેમણે દક્ષિણ ભારત (દક્ષિણ ભારત) નો સર્વે કર્યો, તેમણે લખ્યું કે અહીં ૧૦૦ % સાક્ષરતા છે.

મેકૌલે સ્પષ્ટપણે કહ્યું હતું કે જો ભારતને કાયમ માટે ગુલામ બનાવવું હોય તો તેની સ્વદેશી અને સાંસ્કૃતિક શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે તોડી નાખવી જોઈએ અને તેને ' ' અંગ્રેજી શિક્ષણ પ્રણાલી સાથે બદલવી જોઈએ જેથી દરેક ભારતીય માનસિક રીતે અંગ્રેજી બની જાય. જ્યારે તેઓ કોન્વેન્ટ શાળાઓ અથવા અંગ્રેજી યુનિવર્સિટીઓ છોડી દેશે, ત્યારે તેઓ અંગ્રેજોના હિતમાં કામ કરશે.

મેકૌલે એક રૂઢિપ્રયોગ વાપરર્યો તેનો મતલબ હતો કે : જેમ અનાજને રોપતા પહેલા ખેતરને સારી રીતે ખેડવામાં આવે તેવી જ રીતે ભારતીયોને બદલવા તેમને અંગ્રેજી શિક્ષણ પ્રણાલીમાં લાવવા જોઈએ. તેથી જ તેમણે સૌપ્રથમ ગુરુકુળોને ગેરકાયદેસર જાહેર કર્યા. તેણે સંસ્કૃતને ગેરકાયદે જાહેર કર્યું અને ગુરુકુળોને આગ લગાવી. શિક્ષકોને માર માર્યો અને જેલમાં ધકેલી દીધા.

ઇ.સ.૧૮૫૦ સુધી ભારતમાં '૭ લાખ ૩૨ હજાર ગુરુકુળ અને ૭ લાખ ૫૦હજાર ગામડાં હતાં. મતલબ કે લગભગ દરેક ગામમાં ગુરુકુળ હતા અને આ તમામ ગુરુકુળોનો આજની ભાષામાં 'ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ' તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. આ ગુરુકુળોમાં ૧૮ વિષયો ભણાવવામાં આવતા અને ગુરુકુળો રાજા દ્વારા નહીં પણ સમાજના લોકો સાથે મળીને ચલાવતા હતા. શિક્ષણ મફત આપવામાં આવ્યું હતું. ગુરુકુળો નાબૂદ કરવામાં આવ્યા બાદ અંગ્રેજી શિક્ષણને કાયદેસર કરવામાં આવ્યું અને કોલકાતામાં પ્રથમ કોન્વેન્ટ સ્કૂલ શરૂ થઈ. તે સમયે તેને 'ફ્રી સ્કૂલ' કહેવામાં આવતું હતું. આ કાયદા હેઠળ કોલકાતા યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી અને મદ્રાસ યુનિવર્સિટી બનાવવામાં આવી હતી. આ ત્રણ ગુલામી યુગની યુનિવર્સિટીઓ હજુ દેશમાં છે! મેકૌલે તેના પિતાને એક પત્ર લખ્યો હતો. તે એક ખૂબ જ પ્રખ્યાત પત્ર છે, તેમાં તે લખે છે: ' ' આ કોન્વેન્ટ શાળાઓ એવા બાળકોને બહાર લાવશે જેઓ ભારતીય જેવા દેખાય છે પરંતુ મગજથી અંગ્રેજી રહેશે. તેઓ તેમના દેશ વિશે કશું જાણશે નહીં. તેઓ તેમની સંસ્કૃતિ વિશે કશું જાણશે નહીં. તેમને તેમની પરંપરાઓ વિશે કોઈ ખ્યાલ રહેશે નહીં. તેઓ તેમના રૂઢિપ્રયોગો જાણતા જાણશે નહીં. જ્યારે આવા બાળકો આ દેશમાં તૈયાર થશે ત્યારે અંગ્રેજો દૂર થશે તો પણ અંગ્રેજી ભાષાઆ દેશ છોડશે નહીં. તે સમયે લખેલા પત્રનું સત્ય આજે પણ આપણા દેશમાં સ્પષ્ટ દેખાય છે. આ કૃત્ય દ્વારા સર્જાયેલ દુ: ખ જુઓ. આપણે આપણી જાતને ઉતરતા અનુભવીએ છીએ જે આપણી પોતાની ભાષા બોલવામાં અને આપણી પોતાની સંસ્કૃતિને ઓળખવામાં શરમ અનુભવે છે.

જે સમાજ તેની માતૃભાષાથી અળગો થઈ જાય છે તે ક્યારેય ખીલતો નથી અને આ મેકૌલની વ્યૂહરચના હતી! આજના યુવાનો ભારત કરતાં યુરોપ વિશે વધુ જાણે છે. ભારતીય સંસ્કૃતિને ભૂલી પશ્ચિમી દેશનું અનુકરણ કરે છે.

હવે સમય આવી ગયો છે કે આપણે આપણી મહાન સંસ્કૃતિ અને વારસાને જાગૃત કરીએ અને ફરીથી ભારત સમૃદ્ધ અને સુસંસ્કૃત બનાવીએ.

મહર્ષી શ્રી રાજીવ ભાઈ દીક્ષીત



શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ, રંગમંચ, સેક્ટર-૨૨ દ્વારા બપોરે ૧૨:૩૯ કલાક ના અભિજાત મહુરત માં સમિતિ ના અધ્યક્ષ શ્રી નિશિત વ્યાસે ભગવાન શ્રી ગણેશજી ની પૂજા- અર્ચના કરી ગાંધીનગરના તમામ નાગરિકોની આરોગ્ય સુખાકારી માટે તેમજ દેશ ભરમાં જરૂરી વરસાદ થાય તે માટે પ્રાર્થના કરી આશર્વાદ લીધા હતા.

શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, ડૉ. ચેતનાબેન બુચ, શ્રી મનોજ શુક્લા, શ્રીમતી વર્ષાબેન પારેખ, શ્રી હિરેન શાસ્ત્રી એ પણ શ્રીજીની પૂજા- અર્ચના નો લાભ લીધો હતો. તેમજ સમિતિના સભ્યો શ્રી મિતુલભાઈ જોશી, શ્રી વૈભવભાઈ જાની, શ્રી મુકેશભાઈ મારુ, શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, શ્રી ઉર્પલ જોષી, શ્રીમતી લલી બેન ઠાકોર, શ્રી રાકેશ પટેલ પણ હાજર હતા. જય ગણેશ

### સામાજિક સમરસતા એ કોઈ પણ રાજ્યના વિકાસની પાયાની જરૂરિયાત : મુખ્યમંત્રીશ્રી

# રાયકા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના શૈક્ષણિક સંકુલના ભૂમિપૂજનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ

સામાજિક સમરસતા એ કોઈ પણ રાજયના વિકાસની પાયાની જરૂરિયાત છે,તેમ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું. અમદાવાદના વૈષ્ણોદેવી સર્કલ પાસે રાયકા એજ્યુકેશનલ ચેરિટેબલ ટ્રસ્ટના ભૂમિપૂજન પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, ગુજરાત સરકાર સૌ સમાજને સાથે લઈને ચાલવામાં માને છે અને પરિણામ સ્વરૂપે દરેક સમાજના સાથ અને સહકારથી ગુજરાતે સામૂહિક નિર્ણય પ્રક્રિયા દ્વારા વિકાસનો માર્ગ પ્રશસ્ત કર્યો છે.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત સરકારની સુશાસન માટેની કટિબદ્ધતા વ્યક્ત કરતા કહ્યું કે, અમારી સરકાર પારદર્શક છે, નિર્ણાયક છે અને સંવેદનશીલ પણ છે અને તેથી જ જનસમૂહનું વ્યાપક જનસમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ શૈક્ષણિક સંકુલના ભૂમિપૂજન પ્રસંગે સમાજમાં શિક્ષણની જરૂરિયાત પર ભાર મુકતા કહ્યું કે, ગુજરાત સરકાર જ્ઞાનવાન સમાજ માટે પ્રતિબદ્ધ છે અને તેથી જ રાજ્ય સરકારે શિક્ષણ માટે બજેટમાં રૂ. ૩૫ હજાર કરોડથી વધુ રકમની ફાળવણી કરી છે. શ્રી વિજયભાઈએ રાજ્ય સરકારના શિક્ષણ પ્રત્યેના અભિગમ અંગેના આંકડાઓ પ્રસ્તુત કરતા કહ્યું કે, જયારે નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રીશ્રી તરીકે પદભાર સંભાળ્યો ત્યારે ગુજરાતમાં માત્ર ૯ યુનિવર્સિટી અસ્તિત્વમાં હતી, જે સંખ્યા આજે ૮૦ એ પહોંચી છે. તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતના યુવાન-યુવતીઓને ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ મળી રહે, અન્ય રાજ્યો-રાષ્ટ્રોમાં જવુ ન પડે તે માટે ઉચ્ચ શિક્ષણના વ્યાપમાં વૃદ્ધિ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, આ સરકાર મક્કમ પણ છે, અને સંવેદનશીલ પણ.. તેમણે આ અંગેનું ઉદાહરણ ટાંકતા કહ્યું કે, જેમ માનવી માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ઉપ્લબ્ધ છે, તે રીતે ગુજરાતમાં પશુઓ માટે ૧૯૬૨ એમ્બ્યુલન્સ સેવા ઉપ્લબ્ધ છે. તેમણે રાજ્ય મૂંગા-અબોલ પશુઓની સારવાર માટે ૪૫૦ થી વધુ ફરતા પશુ દવાખાનાઓનો આરંભ કર્યો હોવાની વાત પણ કરી.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે આઝાદીના અમૃત મહોત્સવનું સ્મરણ કરતા કહ્યું કે, આપણા સ્વાતંત્ર્યવીરોએ પોતાના બલીદાન થકી આપણને મહામૂલી આઝાદી આપી છે ત્યારે આપણે રાષ્ટ્ર પ્રત્યે ત્યાગ અને સમર્પણનો ભાવ કેળવીને રાષ્ટ્રસેવા માટે સંકલ્પબદ્ધ બનીએ. તેમણે ઉપસ્થિત શ્રોતાઓને ગરીબીમુક્ત-કુપોષણમુક્ત ભારત માટે સંકલ્પબદ્ધ બનવા માટે પણ અપીલ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ રબારી સમાજમાં શિક્ષણ અંગેની આવેલી ચેતના અંગે રાજીપો વ્યક્ત કરતા કહ્યું કે, રબારી સમાજ હવે શિક્ષણ તરફ અભિમુખ બન્યો છે ત્યારે રાજ્ય સરકારની પણ તેને સહાય કરવાની ફરજ છે.

મુખ્યમંત્રીશ્રીએ રબારી સમાજના ગૌરવવંતા ઈતિહાસનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, ગોપાલકો ગાય માતાની ભક્તિના વ્યવસાયમાં છે અને તેની રક્ષા અને પૂજા એ તેમના સંસ્કાર છે. આ સંસ્કાર-પરંપરાના કારણે જ સમાજ પ્રગતિના પંથે છે. મુખ્યમંત્રીશ્રીએ રબારી સમાજની ભરોસાપાત્રતાનો ઉલ્લેખ કરતા કહ્યં કે, અગાઉ જ્યારે વિવિધ સમાજમાં બહેન-દીકરીને તેડવા જતા ત્યારે તેડાગર રબારી સમાજનો જ હોતો. આમ, તે





હંમેશા ભરોસાનું પ્રતિક બની રહ્યો છે. આ અવસરે ઉપસ્થિત ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રાસંગિક ઉદબોધનમાં કહ્યું હતું કે ૧૯ મી સદી બાહુબળની સદી હતી, ૨૦ મી સદી મૂડીની સદી હતી પણ ૨૧ મી સદી જ્ઞાનની સદી છે, ત્યારે રબારી સમાજે હવે માતા સરસ્વતીની સાધના કરી રહ્યો છે. તે આનંદની વાત છે. ગૃહરાજ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, શિક્ષણ એ આજના સમયની આવશ્યકતા છે અને તેના તરફ દુર્લભ્ય સેવવું કોઈને પણ પરવડે નહીં. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની જીવદયા પ્રત્યેની મક્કમતાનો ઉલ્લેખ કરતાં ગૃહ રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જ્યારે ગુજરાતમાં ગાયા માતાના રક્ષણ માટેના કાનૂનની ચર્ચા-વિચારણા ચાલતી હતી ત્યારે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, જો કસાઈઓ ગાય માતાની દયા ખાતા ન હોય તો સરકાર કસાઈઓ માટે દયા ખાવા તૈયાર નથી.

ઉલ્લેખનીય છે કે રાયકા એજ્યુકેશન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત આ સંકુલ ૨૧ કરોડના ખર્ચે આકાર પામશે. તેમાં ઓડિટોરિયમ, ચાર લાયબ્રેરી, બે કમ્પ્યુટર રૂમની સુવિધાઓ ઉપ્લબ્ધ થશે.

આ પ્રસંગે રબારી સમાજના સંતો-મહંતો,ધારાસભ્યશ્રીઓ અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વામી વિવેકાનંદજી અને ભારત માતા કવિ સંમેલન ગુજરાતી માં ઑન લાઈન યોજાયું

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબચંદ પટેલ કે જેઓ ભારત માતા અભિનંદન સંગઠન હરિયાણા દ્વારા ગુજરાત પ્રદેશ ના અધ્યક્ષ તરીકે નિમણૂંક પામેલ છે તેઓ દ્વારા સ્વામી વિવેકાનંદ જી એ અમેરીકા માં શિકાગોમાં આપેલ ધર્મ સભા માં પ્રવચન ને યુવાઓ ની પ્રેરણા માટે ઉજવવા હેતુ આજે મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર અને સુરજ બા મેમોરિયલ ટ્રસ્ટ જેસરવા પેટલાદ આણંદ સાથે ગુજરાતી માં કવિ સંમેલન આયોજિત કરવામાં આવ્યું હતું જેમાં પ્રતિસ્પર્ધા રાખવામાં આવી છે.

પ્રથમ ક્રમ મેળવ્યો હોય તો તેને ૨૧૦૦ રૂપિયા, બીજા ક્રમે આવનાર કવિને ને ૧૧૦૦ રૂપિયા અને ત્રીજા ક્રમે આવનાર ને ૫૦૦ રૂપિયા નું ઈનામ અને સન્માન પત્ર આપી સમ્માનિત



કરવામાં આવશે

આ કાર્યક્રમ માં શ્રી નટવર હે ડા ઉ સાહેબ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ નું ઉદ્ઘાટન કર્યું હતું આ કાર્યક્રમ માં સંચાલન ડૉ.પ્રિતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું કુલ મળીને ૬૧ જેટલા કવિઓ એ ભાગ લઈ રાષ્ટ્ર પ્રેમ ની જ્યોત જલાવી છે.

ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા અતિથિ નું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સંસ્થા ના ખચાનચી શ્રી કાંતિભાઈ પટેલ એડવોકેટ તથા ટ્રસ્ટી શ્રી મહેન્દ્ર સિંહ ચૌહાણ દ્વારા કવિતા રજૂ કરવામાં આવી હતી

આ કાર્યક્રમ માં શ્રી શૈલેષ વાણિયા અધ્યક્ષ ખંભોળજ સાહિત્ય સંસ્થા આણંદ ના અધ્યક્ષ શ્રી ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની સરાહના કરી હતી, પોતાની રચના પણ પ્રસ્તુત કરી હતી

આ કાર્યક્રમ માં શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને વંદે માતરમ્ રાષ્ટ્રીય ગીત ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ કાર્યક્રમ ને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો

ડૉ ગુલાબચંદ પટેલ
અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર
Mo 8849794377

# સરસ્વતી ઇન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે શિક્ષક દિવસ ઉજવાયો



સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગર ખાતે આ વર્ષે શિક્ષક દિનની ઉજવણી તા. ૦૬/૦૯/૨૦૨૧ ના રોજ યોજવામાં આવી હતી. શિક્ષક દિવસના શિક્ષણની જવાબદારી વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર લેવામાં આવી હતી. આ દિવસની ઉજવણીમાં સંસ્થાના ૩૧ થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં સવારે ૯:૩૦ થીવાગ્યાથી સાંજ ૦૩:૩૦ વાગ્યા સુધીના નક્કી કરેલા સમયપત્રક મુજબ ભાગ લીધેલ વિદ્યાર્થીઓ દ્વારા લેકચર તથા પ્રેક્ટીકલ લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓનું અગાઉ નક્કી કરેલા માપદંડોથી સ્ટાફ દ્વારા તેમની શિક્ષણ પદ્ધતિનું સર્વાંગી મૂલ્યાંકન કર્યું હતું. શિક્ષક દિવસના અંતમાં વિદ્યાર્થીઓ દ્વારા કવિતા વાંચન અને નાટક જેવા કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં ભાગ લેનાર શ્રેષ્ઠ શિક્ષકોની સંસ્થા દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી.

# “અનુબંધમ પોર્ટલ” અને મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના વિશેની માહિતીનો સેમિનાર યોજાયો

શ્રીમતી અંજુ શર્માના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલા આ સેમિનારમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ (GCCI)ના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરી ×અનુબંધમ પોર્ટલ× અને ×મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના× અંગે વિસ્તૃત વિવરણ રજૂ કરવામાં આવ્યું હતું. શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા ૦૬-૦૮-૨૦૨૧ ના રોજગાર દિવસ નિમિત્તે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે અનુબંધમ પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું હતું.આ પોર્ટલની મુખ્ય વિશેષતા માં રોજગાર વાંચ્છુઓ દ્વારા ઘરે બેઠા નોંધણી કરી પોતાના શિક્ષણને અનુરૂપ નોકરી શોધી શકશે જયારે નોકરીદાતા ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી રોજગાર કચેરીની સેવા ઓનલાઇન



મેળવી શકશે. શ્રીમતી એમ.આર.સહાની દ્વારા અનુબંધમ પોર્ટલ વિશે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના× ૨૦ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા જાહેર કરાઇ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ રાજ્યનો સર્વાંગી વિકાસ થાય અને રોજગારીની તકો ઉભી થાય તે છે.જેમાં તાલીમાર્થીઓને તેમજ ખાનગી ઉદ્યોગોમાં યુવાનોને નોકરી મળે તેમજ સરકાર દ્વારા એ શૈક્ષણિક લાયકાત અનુસાર આ તાલીમાર્થીઓને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. શ્રી કે. બી.પટેલે મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંગે વિસ્તૃત પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. ઔદ્યોગિક એકમો અને અનુબંધમ પોર્ટલ એકબીજા સાથે પરસ્પર સંકળાઇને રોજગાર ઈચ્છુક યુવાનો અને નોકરીદાતા વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે તે આ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ હતો.

આ સેમિનારમાં ઔદ્યોગિક એકમોના પ્રતિનિધિઓ સાથે સંવાદ સાધીને તેમના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં GCCI અને શ્રમ રોજગાર વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંજલી શુક્લ

### સમસ્ત મહાજન સંસ્થા અન્નદાન સેવા માટે સતત ૨૦૦ દિવસથી કાર્યરત

# મુંબઈના હજારો પરિવારોને મફત શાકાહાર ભોજનનું વિતરણ કરાયું





મુંબઈમાં કાર્યરત સમસ્ત મહાજન સંસ્થા સેવા માટે સતત કાર્યરત રહે છે. કોરોના સમયગાળા દરમિયાન, ‘સમસ્ત મહાજન‘ સંસ્થા દ્વારા, જેણે તેની સામાજિક પ્રતિબદ્ધતા જાળવી રાખી હતી, મુંબઈના ઘણા ગરીબ એવા ગામો, તેમજ માથેરાન, લોનાવલા અને પૂરગ્રસ્ત કોંકણના ઘણા ગામોમાં ખોરાકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઘણા વર્ષોથી મુંબઈના સામાજિક ક્ષેત્રમાં કાર્યરત સમસ્ત મહાજને ફેબ્રુઆરી ૨૦૨૧ અને સપ્ટેમ્બર ૨૦૨૧ ની વચ્ચે ૧૫૦,૦૦૦ થી વધુ લોકોને મફત શાકાહારી ભોજનનું વિતરણ કર્યું છે. કોરોના સમયગાળા દરમિયાન, મુંબઈના પશ્ચિમ ઉપનગરોમાં અલગ અલગ ઘરમાં રહેતા હજારો પરિવારોને દરરોજ ખોરાક પહોંચાડવામાં આવ્યો હતો. કોરોના સમયમાં ઘણા લોકો એ પોતાનું રોજગાર ગુમાવ્યુ છે અને પરિવારના નિભાવ માટેની પરેશાની ઊભી થઈ છે. આ ઉપરાંત રોજનું કાર્ય કરીને રોજગારી મેળવનાર મજૂરવર્ગની મુશ્કેલીઓમાં પણ વધારો થયો. આવા સમયે સમસ્ત મહાજન સંસ્થા દ્વારા તેમની આ પરિસ્થિતિને જાણી, મદદનો હાથ લંબાવ્યો. કોરોના સમયગાળામાં શરૂ થયેલી અન્નદાનની આ સેવા ૧૧ સપ્ટેમ્બરે ૨૦૦ દિવસ પૂર્ણ કરી રહી છે. કોરોના સમયગાળા દરમિયાન, સંગઠન વતી ‘ફૂડ કાર્ટ’ની વ્યવસ્થા કરવામાં આવી હતી, મહાવીર કા મહાપ્રસાદ’ એવા ઉમદા નામે ચાલતી આ ભોજનસેવા માટે બોરીવલીમાં રસોડું ઉભું કરવામાં આવ્યું હતું . આ સંદર્ભે પરેશભાઈ શાહે જણાવ્યું હતું કે સ્થાનિકો સુધી ભોજનરથની વિગતો વેળાસર પહોંચાડવા તેઓ સ્થાનિક નગરસેવકો અને વિધાનસભ્યોનો સંપર્ક કરીને એમને માહિતગાર કરવા માંડ્યા જેથી એમને એક્ઝેક્ટલી કઈ જગ્યાએ ભોજનરથ ઊભો રાખવાથી વધુમાં વધુ જરૂરિયાતમંદો એનો લાભ લઈ શકશે તે પણ જાણવા મળ્યું.વધુમાં સમસ્ત મહાજન દ્વારા થાણેનાં કિન્નરોની પરિસ્થિતિની જાણ્યા બાદ સંસ્થાએ તેમને મદદ કરવાનો નિર્ણય કર્યો. તે મુજબ ૧૬ કિલોની કિટ તૈયાર કરવામાં આવી હતી. જેમાં ઘઉં, ચોખા, તુવેરદાળ, ચણાનો લોટ, ગોળ, સાકર જેવી જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ આપવામાં આવી છે. તેમજ તેમને રવિવારનાં દિવસે બપોરનાં એક ટંકનું ભોજન પણ વિતરીત કરાયું હતું.. જેમને ‘લોકડાઉન‘ દ્વારા આર્થિક સ્થિતિ વણસેલી હોય તેમને સુગ્રાસ ખોરાક પૂરો પાડવા માટે. સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને સામાજિક કાર્યકર્તા પરેશ શાહે જણાવ્યું હતું કે, અમે મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં જરૂરિયાતમંદોને ભોજનનું વિતરણ કરી શકીએ છીએ.વિશેષ માહિતી માટે ગિરીશભાઈ શાહ મો.૯૮૨૦૦૨૦૯૭૬ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

### સિધ્ધપુર તાલુકાના કલ્યાણા ગામમાં

# વર્ષોથી ચાલી આવતી સંવત્સરીની આ પરંપરા આજના દિવસે પણ અકબંધ રહી

સિધ્ધપુર તાલુકાના કલ્યાણા ગામમાં ૨૫ વર્ષ પહેલાં આશરે ૨૫ એક જેટલા જૈન વણીક પરિવાર કુટુંબો વસવાટ કરતા હતા. ત્યાર પછી ગામમાં જૈનોના ઘરો હાલમાં હયાત છે પરંતુ એકપણ જૈન પરિવારનો હાલ કલ્યાણા ગામમાં વસવાટ રહ્યો નથી ગામમાંથી જૈન બંધુઓ ધંધાર્થે મુંબઈ, સુરત, અમદાવાદ, અને પાટણ સ્થાયી થયેલ છે ગામમાં જૈન દેરાસર અને ઉપાશ્રય છે જ્યાં દર વર્ષે આવતા પાર્શ્વનાથ ભગવાનના પાટોત્સવ વખતે તેમજ પૂનમે જૈન પરિવારો દર્શનાર્થે આવે છે પરંતુ કલ્યાણા ગામમાં જૈન સમાજના એક પણ ભાઈ બહેનનો વસવાટ ન હોવા છતાં સંવત્સરી ના દિવસે ગામના દરેક સમાજના જેવાકે રાજપૂત, પટેલ, બારોટ, ઠાકોર, ઠક્કર, નાયક, પ્રજાપતિ, મન્સુરી, રાવળ, હરિજન સહિત વિવિધ તમામ વર્ગના વેપારીઓએ સ્વયંભૂ ધંધા રોજગાર બંધ રાખીને સંવત્સરી પર્વ અને મીચ્છામી દુક્કડમ ના મહીમાને



ચરિતાર્થ કરે છે. સંવત્સરી ને અમારા ગામની તળપદી અને ગામઠી ભાષામાં સમશેરી કહે છે ગામના લોકો પોતાની તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓ તેમજ નાના બાળકો માટેની ગોળી, બિસ્કીટ,પીપરમીન્ટ જેવી ચીજવસ્તુઓનું સમશેરી ના દિવસે તમામ દુકાનો બંધ રહેવાની હોવાથી આગળના દિવસે ખરીદી કરી દે છે. સાંજના સમયે ગામ રાવણુ બેસે છે તેમાં સમગ્ર ગામના તમામ સમાજના વડીલો સાથે બેસીને ગામને સ્પર્શતા પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે ને પછી ચા પાણી કરીને બધા છુટા પડે છે.

ગામમાં વર્ષોથી ચાલી આવતી આ પરંપરા આજના દિવસે પણ અકબંધ રહી હોવાનું કલ્યાણા ગામના જાગૃત એક્ટિવ અને ઉત્સાહી ઉપ. સરપંચ ભૂપેન્દ્રસિંહ વાઘેલા એ જણાવ્યું હતું.

ભૂપેન્દ્રસિંહ વાઘેલા
ડે.સરપંચ - કલ્યાણા ગ્રામ પંચાયત,સદસ્ય - સિધ્ધપુર તાલુકા પંચાયત



**સ્વ. કમલકાંત હરિલાલ ત્રિવેદી**

અમારા પિતાશ્રી કમલકાંત હરિલાલ ત્રિવેદીનું દેહાવસાન તા. ૦૯/૦૯/૨૦૨૧ ના રોજ થયેલ છે. સદ્ગતની સ્મશાનયાત્રા અમારા નિવાસ સ્થાનેથી તા. ૧૦/૦૯-૨૦૨૧ શુક્રવારના રોજ સવારે ૮: ૦૦ કલાકે સપ્તઋષિ સમ્શાનગૃહ જમાલપુર ખાતે, ફુલબજારની સામે રાખેલ છે. વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા. ૧૩/૦૯/૨૦૨૧ સોમવારના રોજ સાંજના ૪ : ૦૦ થી ૦૬ : ૦૦ કલાકે રાખેલ છે. સદ્ગતની અંત્યેષ્ટિ વિધિ શાસ્ત્રોક્ત વિધિ વિધાન મુજબ ઘરમેળે રાખેલ છે જેની નોંધ લેશો.

કલ્યાણી કેતન રાછ ૭૪૩૩૦૦૩૨૧૩
વૈશાલી નીરવ પરીખ ૯૯૭૯૯૧૬૬૦૧
રેશ્મા દેવાંગ વાગડીયા ૯૭૧૨૨૪૭૩૭૪

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK